Capital World (Gujarati) Pg 5, 07th July 2022

# ક્રિપ્ટો કરન્સીમાં સાર્વત્રિક સુધારાની ચાલ: બિટકોઈન ૩.૭૦ ટકા વધ્યો

» ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ચાર ટકાનો સુધારો

**કેપિટલ સંવાદદાતા તા.૬**

ક્રિપ્ટો માર્કેટમાં બુધવારે સાંજ સુધીમાં સુધારો જોવા મળ્યો હતો. ફેડરલ રિઝર્વની બેઠકની મિનટ્સ જાહેર થવા પૂર્વેનો આ સુધારો હતો. તેની અસર તળે બિટકોઈન પણ ૨૦,૦૦૦ ડોલરની સપાટીની ઉપર (૨૦,૧૦૦) પહોંચી ગયો હતો.

બીજી બાજુ, અમેરિકામાં સ્ટોક્સ ફ્યુચર્સમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. એસએન્ડપી ૫૦૦ના ફ્યુચર્સમાં ૦.૨ ટકા, નાસ્દાક ૧૦૦ના ૦.૩ ટકા તથા ડાઉ જોન્સના ફ્યુચર્સમાં ૦.૨ ટકાનો ઘટાડો થયો હતો.




રોકાણકારો ફ્યુચર્સમાં બિટકોઈનની વૃદ્ધિના અંદાજ અનુસાર સોદા પાડી રહ્યા છે. તેમાં કુલ ઓપન ઈન્ટરેસ્ટ ૧૧.૫૦ અબજ ડોલર પહોંચી ગયો છે.

માર્કેટમાં જે ધિરાણકર્તાઓને નાણાંભીડ નડી હતી તેમાંથી કેટલાક દેણું ચૂકવી શક્યા હોવાથી રોકાણકારોનો ઉત્સાહ વધ્યો હતો અને ક્રીપ્ટોની વેચવાલી અટકી હતી.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ બુધવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૪.૦૦ ટકા (૧૦૫૧ પોઈન્ટ) વધીને ૨૬૯૯૪ પોઈન્ટ બંધ રહ્યો હતો.